ગાંધીનગર સમાચાર
તા. ૧-૮-૨૦૧૪, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

નટવરસિંહની આત્મકથામાં રાહુલ ગાંધીના પલાયનવાદી વલણનું પગેરું મળે છે

નિવૃત્ત રાજકારણીઓ પાસે સૌથી મોટી મૂડી બચી હોય છે તે એમનાં સંસ્મરણોની હોય છે. આ સંસ્મરણોમાં કેટલાંક મહત્ત્વનાં ગોપનીય રહસ્યોનો ઉકેલ છુપાયેલો હોઈ જાણીતાં પ્રકાશનગૃહો આવા રાજકારણીઓને એમની આત્મકથા લખવા ઉશ્કેરતા રહે છે. એ માટે આગોતરી રોયલ્ટી નક્કી કરવામાં બલકે બાના પેટે માતબર રકમ ચૂકવવામાં પણ એ વિલંબ નથી કરતાં, કારણ કે જે સંભવિત ઘટસ્ફોટ થવાની શક્યતા હોય છે તે એમને માટે ઘણી લુક્રેટિવ અને માર્કેટેબલ કોમોડીટી બની રહે છે. ફક્ત રાજકારણીઓ જ નહીં, એમની સાથે સંકળાયેલા બ્યુરોક્રેટ્સ - નોકરશાહોને પણ આવી ઓફરો મળથી રહે છે. નોકરી છૂટી ગયા પછી એની યાદો વાગોળવાનું આવું માતબર બોનસ મળતું હોય તો કોણ ન લલચાય? વડાપ્રધાન જવાહરલાલ નહેરુના નિકટવર્તી મથાઈએ નહેરુયુગનાં સંસ્મરણો લખી કેવી હલચલ મચાવી દીધી હતી તે યાદ કરો. પંડિત નહેરુના રંગીલા મિજાજનું અધિકૃત દસ્તાવેજીકરણ થતાં ફક્ત વિપક્ષોને જ નહીં, બલકે સામાન્ય વાંચકોને પણ ગપશપનો રેડીમેડ મસાલો મળી ગયેલો. ઈન્દિરા ગાંધીના કોપથી બચવા લેખકે પુસ્તકનું આખેઆખું પ્રકરણ કોરું છોડી દીધું હતું. એનું શીર્ષક હતું 'શી.' આ 'શી' એટલે કોણ તે આખી દુનિયા જાણતી હતી. મથાઈ પોતે જ બણગાં ફૂંક્યા કરતા. ફિરોઝ ગાંધી ઈન્દિરા વિશે બહુ ગંદી કોમેન્ટ કરતા. એવી મોટા ઘરની દીકરી સાથેનાં લગ્નમાં ભંગાણ પડતા એ પારસીબાવો એના મથાઈ સાથે વિવાદાસ્પદ સંબંધો હોવાની ટીખળ કર્યા કરતો! ઈન્દિરા ગાંધી સાથે નિકટની સંકળાયેલા ભરતપુર સ્ટેટના રાજવંશી નેતા કુંવર નટવરસિંહ વિચક્ષણ રાજપુરૂષ છે. નહેરું ગાંધી પરિવાર સાથેની વર્ષો સુધીની વફાદારી છતાં વિદેશમંત્રી રહી ચૂકેલા આ જાટ નેતાની હકાલપટ્ટી થઈ ત્યારે રાજીવ ગાંધીના પરિવારને કદાચ સ્વપ્ને પણ ખ્યાલ નહીં હોય કે ભવિષ્યમાં આ માણસ આપણી નબળી કડીઓ ખુલ્લી કરીને આપણને રક્ષણાત્મક સ્થિતિમાં મૂકી દેશે. નટવરસિંહે સોનિયા ગાંધી ૨૦૦૪માં વડાપ્રધાન બનવા તૈયાર હોવા છતાં રાહુલ ગાંધીના હઠાગ્રહને કારણે એમને એ પદ જતું કરવું પડેલું, એ વાતનો ઘટસ્ફોટ કર્યો છે. સોનિયાએ અંતરાત્માના અવાજને નહિં, પુત્રની લાગણીને માન આપ્યું હતું. સોનિયા પરિવાર આ ખુલાસાથી વ્યથિત છે. રાજકારણમાં કોઈ સંબંધ કાયમી નથી હોતો. ગઈકાલે સૌથી નજીક રહેલો સાથી આવતીકાલે સામી પંગતમાં જઈને બેસે ત્યારે એ પૂર્વકાળનો ચોપડો ન ખોલે તો જ નવાઈ. એમાં પણ જયારે સંજય બારૂ જેવા માહિતી સલાહકાર કે પૂર્વ કેબિનેટ મંત્રી રહી ચૂકેલાં કુંવર નટવરસિંહ કે મણિશંકર ઐયર જેવા મોટા ગજાના બૌદ્ધિક સાથે મતભેદ ઊભો થાય ત્યારે સંભવિત ઘટસ્ફોટ ભારે પડી જાય. દાવોસ ખાસે એક ચિઠ્ઠીની આપલે માધવસિંહને કેટલી ભારે પડેલી તે સર્વવિદિત છે. જો એનું રહસ્ય માધવસિંહ ખુલ્લું પાડી દે તો કેવા પ્રત્યાઘાતો સરજાય તે કલ્પી શકાય એમ છે. માધવસિંહ મૌન રહ્યા છે જયારે નટવર સિંહે એમની આત્મકથા લખી નાખી છે. અને તે નજીકના દિવસોમાં જ પ્રકાશિત થનાર છે. ફાઈલો સોનિયા ગાંધી જ ક્લિયર કરતાં હોવાનો ખુલાસો બધાંને ગળે ઊતરે એવો છે. પૂર્વ વડાપ્રધાન પી.વી. નરસિંહરાવની આત્મકથા નવલકથા સ્વરૂપે લખાયેલી છે અને એમાં જે 'ઇનસાઇડર' છે તે પોતે નરસિંહરાવ છે. નરસિંહરાવ તો મેધાવી સાહિત્યકાર હતા, એથી જે બાંધી મૂઠીનો ભ્રમ સાચવવા જેવો લાગ્યો તે એમણે સાચવી લીધો છે. અડવાણીની આત્મકથામાં કોઈ ઝાઝો દમ નથી, પરંતુ પોતે વાજપેયીની ઇચ્છા વિરૂદ્ધ નરેન્દ્ર મોદીને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ચાલુ રખાવ્યાનો જશ લેવાનું એ ચૂક્યા નથી. નટવરસિંહની આત્મકથામાં ઈન્દિરા ગાંધીથી લઈ મનમોહન સરકાર સુધીનાં અનેક રહસ્યોનો તાગ મળવાની સંભાવના છે, પોતાના પરિવારને નુકશાન થતી બાબતો એમની આત્મકથામાં ન આવે, એવી વિનંતી કરવા સોનિયા - પ્રિયંકા સામે પગલે એમને મળવા ગયા હોવાના સમાચાર પણ ચમક્યા હતા. નટવરસિંહે એક ચેનલને આપેલ મુલાકાતમાં જે વાત કરી છે તે ઉપર ઉપરથી સામાન્ય લાગે, પરંતુ એનો વિચાર વિસ્તાર કરવામાં આવે તો રાહુલ ગાંધીનાં મનો સંચલનો વિશે અભિપ્રાય બાંધી શકાય એવી અગત્યની માહિતી સાંપડે એમ છે.

ચૌધરી મહિલા કોલેજ સેક્ટર-૫ ખાતે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી 'ફસ્ટએઈડ' તાલીમ શીબીર યોજાઈ ગઈ. જેમાં તજજ્ઞ જીજ્ઞેશ રાવલ દ્વારા પ્રાથમિક સારવાર વિશેની સમજ હાજર વિદ્યાર્થી બહેનોને આપવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નીમાવત)

એસ.જી. પ્રાથમિક શાળામાં બુક માર્ક મેકીંગ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલી એસ.જી. પ્રાથમિક શાળાના ધોરણ-૬, ૭ અને ૮ના વિદ્યાર્થીઓનો 'બુક માર્ક મેકીંગ' કાર્યક્રમ આજે યોજાયો હતો. શાળાના વિદ્યાર્થીઓએ શિક્ષણ, જ્ઞાન, શિક્ષક, વિદ્યાર્થી વગેરે વિષય પર સુંદર 'થોટ' તૈયાર કરી બુકમાર્ક પર લખ્યા હતા. અને સુંદર રીતે તૈયાર કર્યા હતા.

એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં આજે સવારે અઠવાડિક પ્રવૃત્તિ સંદર્ભે 'બુક માર્ક મેકીંગ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બે પિરિયડ દરમિયાન બાળકોએ અગાઉ શિખવ્યા મુજબ પોતાની કૌશલ્ય શક્તિને ખિલવી નવા વિચારો અને આકારો સાથે 'બુક માર્ક' તૈયાર કર્યા હતા. શિક્ષણ સાથે સતત સંકળાયેલા બાળકોએ જ્ઞાનરૂપી સૂત્રોને 'બુક માર્ક' પર સુંદર અક્ષરોમાં ટાંક્યા હતા. 'શાળા અમારી તીર્થભૂમિ છે, જ્ઞાન ગંગા ત્યાં વહે', 'શાળા જ્ઞાનરૂપી સાગર છે, બાળકો તેના રત્નો છે.' વગેરે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષામાં સુવાક્યો તૈયાર કર્યા હતા. શાળાના આચાર્યાએ દરેક વર્ગમાં બાળકોને મળીને તેમની કળાના દર્શન કર્યા હતા. સુંદર 'બુક માર્ક'ના વખાણ કરી બાળકોની પ્રવૃત્તિને બિરદાવી હતી.

શાળાના વર્ગ શિક્ષકોએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. એક્ટીવિટી ઈન્ચાર્જ સુખરામ ચૌધરી અને નેહલબેન ત્રિવેદીએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

એસ.સી, એસ.ટી., ઓબીસી વિદ્યાર્થીઓ માટે મફત કોમ્પ્યુટર કોર્ષ

ગાંધીનગર, તા. ૩૧

ઈન્ફોક્વેસ્ટ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર જિલ્લાના અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને ઓબીસી જાતિના વિદ્યાર્થીઓ માટે કોમ્પ્યુટર જાગૃતિ પ્રોગ્રામ અંતર્ગત એમ.એસ. ઓફિસ અને ઈન્ટરનેટ કોર્ષનું આયોજન કરવામાં આવ્યું છે.

ઈન્ફોક્વેસ્ટ કોમ્પ્યુટર એકેડેમી પ્લોટ નં. ૧૧૮૮ સેક્ટર-૨-એ ખાતે કોર્ષ ચલાવવામાં આવશે. કમ્પ્યુટરનું જ્ઞાન મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ જાતિ પ્રમાણપત્ર, બે પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે એકેડમીનો સંપર્ક કરવો. આ કોર્ષ નિઃશુલ્ક ભણાવવામાં આવશે ત્યારે ફક્ત ૨૫ સંખ્યા લેવાની હોવાથી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. જેની વિદ્યાર્થી મિત્રોએ નોંધ લેવી.

વૈષ્ણવ સમાજ રંગપુરણી સ્પર્ધા યોજશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા જન્માષ્ટમી નિમિત્તે રંગ પુરણી સ્પર્ધા તા. ૧૭ ઓગષ્ટ રવિવાર સવારે ૯-૦૦ વાગે યોજવામાં આવશે. સ્પર્ધા અંગેના ફોર્મ તા. ૧૩ અને ૧૪ ઓગષ્ટના રોજ કાર્યાલય ખાતેથી મેળવી પરત કરી દેવાના રહેશે. સ્પર્ધા ત્રણ વય જૂથ પ્રમાણે યોજાશે. જેમાં ૫ થી ૮, ૯ થી ૧૪, અને ૧૫ થી ૨૫ વર્ષની વય ધરાવતા વૈષ્ણવ સમાજના બાળકો ભાગ લઈ શકશે તેમ પ્રમુખ ડી.એફ. શાહે જણાવ્યું છે.

હરિની દૃષ્ટિ...

પપ્પા કહે, તારી મમ્મીને ઓનલાઇન ખોટી શોધી ! હવે, મમ્મી અમને ઓનલાઇન જ લંચ-ડીનર મંગાવી આપે છે...!!

નેશનલ કક્ષાએ ચૌધરી વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ ઝળકી

ગાંધીનગર, તા. ૩૧

તાજેતરમાં નેશનલ કક્ષાની જમ્પરોપ સ્પર્ધા નાસિક ખાતે યોજવામાં આવી હતી. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ત્રણ વિદ્યાર્થીનીઓએ ત્રીજુ સ્થાન મેળવી બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે.

ગાંધીનગર સેક્ટર-૭માં આવેલ શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ નાસિકમાં યોજાયેલ જમ્પ રોપ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તા. ૨૪ થી ૨૭ જુલાઈ દરમિયાન યોજાયેલ સ્પર્ધામાં શાળાની ધોરણ-૧૦ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ ફોરમ ચૌધરી, આશા ચૌધરી અને આરતી રાવળે ત્રીજુ સ્થાન મેળવી બ્રોન્જ મેડલ મેળવ્યો છે.

વિજેતા વિદ્યાર્થીનીઓને વ્યાયામ શિક્ષક લીલાબેન, આચાર્યા સંતોકબેન અને શાળા પરિવારો અભિનંદન પાઠવી ખુશી વ્યક્ત કરી છે.

જિલ્લા કક્ષાનો ૬ પમો વન મહોત્સવ કરાઈ ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત રાજયને નંદનવન બનાવવા માટે સરકાર દ્વારા વન મહોત્સવ ઉજવવામાં આવે છે ત્યારે ગાંધીનગરમાં જિલ્લા કક્ષાનો ૬ પમો વન મહોત્સવ વાડીભાઈ પટેલ અધ્યક્ષ, ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના અધ્યક્ષપદે ગુજરાત પોલીસ એકેડેમી ખાતે યોજવામાં આવનાર છે.

રાજયના પાટનગરને હરિયાળુ બનાવવા માટે સરકાર વન મહોત્સવોનું આયોજન કરે છે. રાજયમાં કોંક્રીટના જંગલોના આક્રમણ સામે વનોનો વિનાશ થઈ રહ્યો છે ત્યારે ગાંધીનગરને હરિયાળુ બનાવવાની ખેવના સાથે જિલ્લામાં ૬ પમો વન મહોત્સવ યોજાશે.

ગુજરાત પોલીસ એકેડમી કરાઈ, ગાંધીનગર ખાતે પૂર્વ મંત્રી અને ખાદી બોડના અધ્યક્ષ વાડીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને તા. ૨ ઓગષ્ટ સવારે ૯-૦૦ વાગે વન મહોત્સવ યોજાશે. આ પ્રસંગે કનુભાઈ મિસ્ત્રી-અધ્યક્ષ, પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ઉપસ્થિત રહેશે. તેમજ જિલ્લાના પ્રભારી સચિવ, પ્રભારી મુખ્ય વન સંરક્ષક સહિત સંસદ સભ્ય, ધારાસભ્યો, ચેરમેનો, પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે તેમજ પ્રકાશ રાવલ-નાયબ વન સંરક્ષક-ગાંધીનગર, વિક્ટર મેકવાન જિલ્લા વિકાસ અધિકારી અને રવિશંકર કલેકટર ગાંધીનગર ઉપસ્થિત રહેશે.

દ્વારકેશલાલજી મહારાજના સુવર્ણ મહોત્સવ પ્રસંગે મધુરાષ્ટકમ્‌નું રસપાન

ગાંધીનગર, તા.૩૧

જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રાગટયના ગૃહાધિપતિ દ્વારકેશલાલજી મહારાજે તેમના જીવનના ૫૦ વર્ષ પુરા કરી ૫૧ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે ત્યારે પ્રાગટય પીઠ દ્વારા દેશભરમાં તેમના જન્મનો સુવર્ણ મહોત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યો છે. આ અંતર્ગત તા. ૪થી ઓગષ્ટ સોમવારે શ્રાવણ સુદ આઠમે અમદાવાદના નવા નિકોલ ખાતે ગોકુલ પાર્ટી પ્લોટમાં દ્વારકેશલાલજી મહારાજના મુખેથી મધુરાષ્ટકમ્‌ના માધુર્યનાં રસપાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

આ ઉપરાંત આ પ્રસંગે તા. ૧લી ઓગષ્ટના રોજ તેમને પલના અને નંદ મહોત્સવ યોજવામાં આવશે અને તે દિવસે સાંજે કેસર સ્નાન કરાવવામાં આવશે. અમદાવાદના બાપુનગર એપ્રોચ ખાતે દ્વારકેશધામ હવેલી ખાતે તેમના દાદા પુરૂષોત્તમલાલજી મહારાજ અને વ્રજજીવનલાલજી મહારાજ અને તેમના કાકા વિઠ્ઠલેશરાયજી મહારાજનો પ્રાગટય ઉત્સવ પણ ધામધૂમથી મનાવવામાં આવશે. આ પ્રસંગે દ્વારકેશધામ હવેલીમાં સાંજે ૭ વાગે શ્રી દ્વારકાધીશ પ્રભુના વિવિધ મનોરથ યોજાશે. આ મનોરથમાં તા. ૧લી ઓગષ્ટે જરદોશી હિંડોળા, ૨જી ઓગષ્ટે શાકભાજીના હિંડોળા, તા. ૩જી ઓગષ્ટે ફુલના અને તા. ૪થી ઓગષ્ટે કલાત્મક હિંડોળા યોજાશે.

જ્ઞાનકુંભ - દર્શન મારૂ વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટને કયો એવોર્ડ એનાયત થયો ?
➜ **સ્વોર્ડ ઓફ ઓનર એવોર્ડ**

૨. ૨૦૧૩નો બીબીસી એવોર્ડ કોને મળ્યો ?
➜ **એન્ડી મરે (બ્રિટન)**

૩. ૨૦૧૩નો બીસીસીઆઈનો પોલી ઉમરીગર એવોર્ડ કોને મળ્યો ?
➜ **આર. અશ્વિન**

૪. ૨૦૧૩નો અંડર-૧૯નો એવોર્ડ કોને મળ્યો ?
➜ **અક્ષર પટેલ, ગુજરાત**

૫. તાજેતરમાં વિશ્વનો સૌથી નાનો હીરો કયાં બનાવવામાં આવ્યો હતો ?
➜ **સુરત, ગુજરાત**

૬. તાજેતરમાં ગુજરાત રાજયમાં પ્રથમ મહિલા પોલીસ કોલ સેન્ટર કયાં કાર્યરત થયું ?
➜ **જામનગર**

૭. તાજેતરમાં અમદાવાદના કસ્ટમ્સ કમિશનર પદે કોની નિમણૂંક થઈ ?
➜ **સંજય ગેહલોત**

૮. તાજેતરમાં અમદાવાદના ડિરેકટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સના એડિશનલ ડિરેકટર જનરલ તરીકે કોની નિમણૂંક થઈ છે ?
➜ **ઓમ પ્રકાશ દધિચી**

૯. ૨૦૦૨ના રમખાણોનાં કેસમાં કઈ કોર્ટે નરેન્દ્ર મોદીને ક્લીનચીટ આપી ?
➜ **મેટ્રોપોલિટન કોર્ટ**

૧૦. તાજેતરમાં મેટ્રોપોલિયન કોર્ટના કયા મેજિસ્ટ્રેટ દ્વારા ૨૦૦૨ના રમખાણોના કેસમાં મોદીને કલીનચીટ આપી ?
➜ **બી.જે. ગણાત્રા**

૧૧. તાજેતરમાં ગુજરાત પોલીસ દ્વારા કાંડ મામલે કેન્દ્રિય તપાસમંચની રચના કરી ?
➜ **જાસૂસી કાંડ**

૧૨. તાજેતરમાં કૃષ્ણકાંત વખારિયા કયા સમાજના પ્રમુખ પદે સતત ચોથી વખત નિમાયા ?
➜ **વિશ્વ ગુજરાતી સમાજ**

૧૩. ૧ ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે આંતરરાષ્ટ્રીય મેરેથોન કયાં યોજાઈ હતી ?
➜ **પૂણે**

૧૪. ૧ ડિસેમ્બર ૨૦૧૩નાં રોજ પૂણે ખાતે કેટલામીં આંતરરાષ્ટ્રીય મેરેથોન યોજાઈ હતી ?
➜ **૨૮મી**

૧૫. તાજેતરમાં યોજાઈ ગયેલી ૨૮મી આંતરરાષ્ટ્રીય મેરેથોનમાં મહિલા વર્ગમાં કયા દેશની ખેલાડીએ ખિતાબ જીત્યો ?
➜ **ઇથોપિયા, એબરૂ ટીમેસાએ**

૧૬. તાજેતરમાં યોજાઈ ગયેલી ૨૮મી આંતરરાષ્ટ્રીય મેરેથોનમાં પુરૂષ વર્ગમાં કયા દેશના ખેલાડીએ ખિતાબ જીત્યો ?
➜ **ઇથોપિયા, બેલારચુ એન્ડાલે એબાનીચે**

૧૭. તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમના નવા સત્તાવાર સ્પોન્સરશીપ કઈ કંપની કરશે ?
➜ **સ્ટાર ઇન્ડિયા**

૧૮. ભારતીય ક્રિકેટ ટીમની નવી સ્પોન્સરશીપ કરતા સ્ટાર ઈન્ડિયાએ કોનું સ્થાન લીધું ?
➜ **સહારા ઇન્ડિયા ગ્રુપ**

૧૯. ૨૦૧૩ની ૫૭મી રાષ્ટ્રીય નિશાનાબાજી સ્પર્ધામાં ગોલ્ડ મેડલ કોને પ્રાપ્ય કર્યો ?
➜ **રાકેશ મનપત**

૨૦. ૨૦૧૩ની ૫૭મી રાષ્ટ્રીય શૂટીંગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ કોને પ્રાપ્ત થયો ?
➜ **રંજન સોઢી**

સાવન જો આગ લગાયે તો ઉસે કૌન બચાયે?

વિચારોનાં મધુવનમાં

પ્રા. ડો. રાકેશ પટેલ

ટીપે ટીપે રેશમી ઘાસ બનીને આવ્યો તું
મનની બખોલમાં વ્હાલ બનીને આવ્યો તું

કેટલાક લોકો અચાનક આવી જાય, કેટલાક ક્યારેક ક્યારેક આવે, કેટલાક ગુપચુપ આવે, કેટલાક આવવાનું કહી ન આવે અને કેટલાક ધમાકેદાર રીતે આવે! આ ધમાકેદાર પ્રવેશ એ જ મેઘરાજાની અનોખી સવારી. શરૂઆત વાદળોના ગડગડાટથી અને પછી વરસાદની રાજા તરીકેની પધરામણી થાય. ત્યારે લાગે કે સૃષ્ટિને હરખાવી, મલકાવી અને મહેકાવી દેનારા કોઇ ધનપતિ આવી પૂગ્યો છે. એમનું આવવું એટલે જાણે વગર માંગ્યે બધું ધરી દેનાર!

આકાશમાં જોઉં કે હૈયામાં બધે જ માહોલ તારો છે હે વરસાદ! તું રગે રગમાં રક્તકણ બનીને સમાયો છે. ભલે મકાનની ફર્શ પર તું નિયત આકારમાં ટકપે પણ કોરી ધરતી પર તું સમાઇ જવાની ઉતાવળમાં હોય છે. વૃક્ષ પર તું વેલી બનીને શોભે છે તો વળી ફૂલો પર રજ બનીને સરકે છે. તારી હરિફાઇ તો ત્યારે જ જામે છે જયારે તું કોઇ નવયુગલની અડફેટે ચડી જાય છે! નવપલ્લવીત તમને તારો સ્પર્શ થાય એટલે તારી હાર નિશ્ચિત! શબ્દ વિનાનું અને અર્થમાં પણ ન સમાતું આ યુદ્ધ બરાબરનું જામે તેની કોઇ નિશાની ખરી? જો હોય તો એક જ નિશાની. તે એટલે બધાની નજર ચુકવીને ભલભળા તેને એકીટશ નજરે સ્પર્શવા ઝંખે છે. કોમળતાનો આવો ઝંઝાવાતી સ્પર્શ ભાગ્યે જ કોઇ અન્ય પંચમહાભૂતમાં જોવા મળે!

મેં છત્રીને પૂછ્યું
'તારી નિયતી શું?'
મલકાઇને બોલી :
'ખુલવું - બંધ થવું
પલવું - સુકાવું
અને માળિયાના કોઇ ખુણે પડી રહેવું'
'તને સંતોષ છે?'
એણે શરમાતાં શરમાતાં કહ્યું :
'આકાશને ઝીલવાનો રોમાંચ તને પુરૂષો
ક્યારેય નહીં સમજી શકો.'

- કિશોર શાહ

પાણીના ભલે અનેક સ્વરૂપ હોય પણ વર્ષાનું એક સંપૂર્ણ પ્રકરણ પાણીનાં મહાસંગ્રહમંથી છીનવી લેવાની શક્તિ વરસાદી પાણીમાં છે. એક બીલ જો મેઘદેવતા વરસાદના પાણીનું આપે તો કઇ સરકાર તેને ભરવાની તૈયારી બતાવે? અને તે નાણું કયા દેશની બેંકનું ચાલે? આપણી નબળાઇઓને બરાબર ઉલેચવાનું અને ખુલ્લી પાડવાનું કામ આ વર્ષાઋતુ કરે છે. તેને ખબર છે કે હાથતાળી આપીને કેવી રીતે સરકી જવું અને વગર બોલાવ્યો કેવી રીતે ટપકી પડવું. ભલે આપણા શરીરમાં મોટા ભાગની રચના જલ આધારીત હોય છતાં આપણે ભાગ્યે જ તે રચનાને સમજી કે જોઇ શકીએ છીએ.

સૌંદર્યની દેવી વર્ષા ભલે દિવસમાં એકવાર આવીને જતી રહે તો પણ તેના આવવાની અનેક સાબિતીઓ છોડી જાય છે. અનેક ટીપાઓથી લબાલબ વૃક્ષો તેને બાથમાં લઇને બેસી જતાં હોય છે. તેને જરાક હલાવો એટલે પર્ણો પર ચોંટેલા ટીંપા તમને ઝણઝણાવી દેવા પુરતાં છે. એક સમયે બધી જગ્યાએ ન વરસવાની અને સંતાકૂકડીનો દાવ લેનારને બરાબર ફસાવવાને વરસાદને બહુ મજા આવે છે.

એ ને આવે તો મજા ન આવે,
આવો તો બીજા - બધાને ભુલાવી દેવાને આવે
હોંશથી એને આવકારવા સૃષ્ટિ આખી
થનાક થૈ થૈ નાચે, કરે ગુંજન
મોર કરે થનગનાટ
માનવ કરે કિલકિલાટ
એક વિચાર બની સૌ એને વિચારે
કરે સૌ એને પ્રણામ
નામ એનું છે મેહુલો

વરસાદની ઋતુમાં પાણીના બીજા પણ અનેક રૂપો વિદ્યમાન હોય છે. આજકાલ મુસાફરીનું સ્વરૂપ બદલાયું છે. એક સમયે ગાડામાં કરાતી મુસાફરી આજે મોટરગાડી અને વિમાન સુધી લંબાઇ છે. આપણી મોટરકારની બાજુમાંથી સટાક દઇને જતી બીજી ગાડી પાણીનાં અનેક બુંદ આપણને ભેટમાં આપી જાય છે. સાઇકલ પર જતી વખતે રોડ પરના નાના ખાબોચીયાં જાણે પોતાની પાસે બોલાવે છે. આખી રાત વરસીને થાકી ગયેલો વરસાદ પેલી પરિશ્રાંતા નાયિકાની યાદ અપાવે છે.

શૃંગારશતકમાં ભર્તૃહરિએ મેઘની છટાઓની લગોલગ નાયિકાની વિવિધ ચેષ્ટાઓને મૂકી આપી છે. 'ઘટાટોપ મેઘથી છવાયેલું આકાશ તૃણાંકુરોથી આચ્છાદિત ભૂમિ, તાજાં ખીલેલાં કૂટજનાં (દેશી નામ કંડુ) સમૂહોથી સુગંધી વાયુઓ, મયુરનાં ટહુકાથી રમ્ય બનેલા વનમાં સીમાડાઓ; આ બધું સુખીઓને અને દુઃખીઓને સહુને ઉત્કંઠા જગાડે છે.'

વિરહના દિવસમાં જો મેઘ ચડી આવે તો 'સાવન જો આગ લગાયે તો ઉસે કૌન બચાયે' જેવી દશા થાય! ભર્તૃહરિ આ અવદશાને શબ્દબુદ્ધ કરે છે. 'આ તરફ વિજળી ચમકારા કરે છે, આ બાજુ કેતકી વૃક્ષની સુવાસ પ્રસરી રહી છે. આ તરફ ચડી આવતા મેઘની ગર્જના થાય છે આ બાજુ ક્રીડા કરતા મયૂરના ટહૂકા થાય છે. સુંદર પાપણવાળી સુંદરીઓના રસથી ભરેલા આ વિરહના દિવસો કેવી રીતે જશે?'

શાર્દુલવિક્રીડિત છંદમાં રચાયેલો આ શ્લોક તો વરસાદની ધારાની જેલનાં સળિયા બનાવી દેવા માટે પુરતો છે.

'બ્હાને ના ઘરથી જરા જઇ શશે વરસાદ આવ્યે પતિઓ'
નારી કંપતી ટાઢથી તનતણું આલિંગનો આપતી;
છાંટા શીતલથી બને પવન તો દુઃખો હરે અંગથી;
વર્ષાળો દિન તે છતાં સુકૃતિને સારો બને સંગથી'

વરસાદની બાંધણી એના બિંદુઓથી શરૂ થઇ છેક મહાસાગરનાં ઉછાળા મારતાં મોજાઓ સુધીની છે. કપડાં ધોતા, સ્નાન કરતાં ઉડતા છાટાં ભલે આપણી આસપાસ રોજ રમતાં હોય તેની આકર્ષક ન લાગે પણ સઘસ્નાતા સ્ત્રીની અલકમાંથી તપકતાં બિંદુઓ તે મનને ડાહપણથી દૂર લઇ જવા માટે પૂરતાં છે.

ગરીબની વરસાદી કવિતા તો કંઇ પ્રણયરંગી થોડી હોય!
ઝૂંપડાની ફાટેલી કિનારીમાંથી વરસતું બુંદ
આંસુની ધારા બીને પડ્યા કરે છે?
એક દિવસ ભલે અહિં આવીને કોઇ...
ન બોલે, ન ચાલે બસ જોયા કરે!
તેની કર્ણેન્દ્રિયનો દેવતા કોઇ રીતે ધ્રુણે?
આનંદ છે કોઇ પણ રીતે આવકારવાનો આ
વિશ્વના નાથને ઘરે બેઠે!

વરસતા વરસાદના અનેક દૃશ્યો હોઇ શકે પણ વરસી ગયા પછી પાણીનું ટપકતાં રહેવું જુદી ભાત રચે છે. કાદવની મજા તો ભૂંડ સિવાય પર ઘણાં જીવોમાં જોવા મળે છે. દેડકાનું જમીનના પોલાણોમાંથી આવવું કોઇ ચમત્કારથી ઓછું નથી.

આકાશને ગતિને અને તનને રતિ અને મનને મતિ તરફ દોરી જતો આ વરસાદ પણ આધુનિક બની ગયો હોય તેવું નથી લાગતું?